લડાખ સીમા પર આજથી પાછા હટશે ચીની સૈનિકો : સુષ્મા

નવી દિલ્હી,તા. ૨૬

ભારત અને ચીન વચ્ચે છેલ્લા કેટલાક દિવસતી ાચાલી રહેલી લડાખ સરહદી મડાગાંઠનો આખરે અંત આવી ગયો છે. બન્ને દેશો સૈનિકો પાછા ખેંચી લેવા માટે સહમત થયા છે. ભારતના વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજ દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી છે સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે આ સફળતા ખુબ મોટી છે. સહમતીના ભાગરૂપે સૈનિકો પાછા ખેંચી લેવાની પ્રક્રિયા આજે શરૂ થઇ હતી. હવે આ પ્રક્રિયા ૩૦મી સપ્ટેમ્બર સુધી પૂર્ણ કરી લેવામાં આવશે. યુએન મહાસભા સત્રના ભાગરૂપે આઇબીએસએ વિદેશ પ્રધાનોની બેઠકમાં ભાગ લીધા બાદ સુષ્માએ કહ્યુ ંહતું કે તેમણે આ વાત કરતા ખુશી થઇ રહી છે કે બન્ને દેશો બેસીને સરહદી મડાગાઠને ઉકેલી લેવામાં સફળ રહ્યા છે. ટાઇમ લાઇન નક્કી કરી લેવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્રમાં બુધવારના દિવસે સ્વરાજ ચીની વિદેશ પ્રધાન વાંગ યીને મળ્યા હતા. જેમાં તેમની સાથે સરહદી મામલે ચર્ચા કરવામાં આવી હતી. સુષ્માએ કહ્યું હતું કે હાલમાં ચીની પ્રમુખ જીનપિંગ ભારતની ઐતિહાસિક મુલાકાત લઇને પરત ફર્યા છે. તેમની યાત્રા અનેક દ્રષ્ટિએ મહત્વપૂર્ણ રહી હતી.ચીની પ્રમુખ ભારતની યાત્રાએ હતા ત્યારે જ લડાખમાં ચુમાર ક્ષેત્રમાં બન્ને દેશોની સેના સામ સામે આવી ગઇ હતી.

ગયા રવિવારે એ વખતે વિસ્ફોટક સ્થિતી ઉભી થઇ ગઇ હતી જયારે તેમની બાજુએ માર્ગ નિર્માણ કરી રહેલા ચીની વર્કરો ઘુસણખોરી કરીને ભારતમાં ઘુસી ગયા હતા. સુષ્માએ કહ્યુ ંહતું કે સૈનિકો પરત ખેંચવાની પ્રક્રિયા શરૂ થઇ ચુકી છે. ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં આને પૂર્ણ કરી લેવાશે. પહેલી સપ્ટેમ્બર ૨૦૧૪ના દિવસે જે સ્થિતી હતી તે સ્થિતીમાં બન્ને દેશોના સૈનિકો તેમની પોઝિશનમાં જતા રહેશે. સુષ્માએ કહ્યુ હતુ ંકે ખરાબ તબક્કાનો ૩૦મીએ અંત આવી જશે. ચીની વિદેશ પ્રદાન સાથે વાતચીત ખુબ સફળ રહી હોવાનો દાવો સુષ્માએ કર્યો હતો. વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજે એમ પણ કહ્યું હતું કે તેઓ સંયુક્ત રાષ્ટ્ર સુધારાના મામલે ચીન સાથે વાતચીત કરી ચુક્યા છે. ચીની નેતાઓ સાથે તેમની વાતચીતને ખુબ સફળ ગણાવી હતી.

હુરીયતના નેતાઓ સાથે વાતચીત કરીને પાકિસ્તાને હાથે કરીને ભારત સાથે બાજી બગાડી

નવી દિલ્હી, તા. ૨૬

વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજે આજે કહ્યું હતું કે, બન્ને દેશોના વિદેશ સચિવો વચ્ચે વાતચીત યોજાય તે પહેલા જ વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે આક્રમક વલણ અપનાવ્યું હતું. સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે, હુરીયતના નેતાઓ સાથે વાતચીત કરીને પાકિસ્તાને વાતાવરણ ખરાબ કરી દીધું છે. બન્ને દેશો વાતચીત યોજે તે પહેલા જ વાતાવરણ ખરાબ થઈ ગયું હતું. ગયા મહિને ઇસ્લામાબાદમાં વિદેશ સચિવની વાતચીત યોજાય તે પહેલા હુરીયત નેતાઓ સાથે પાકિસ્તાને વાતચીત કરી હતી. જેના લીધે વાતાવરણ તંગ બન્યું હતું. નરેન્દ્ર મોદી સરકારે નવા સંકેત આપી દીધા હતા જેથી પાકિસ્તાને વાતાવરણ ખરાબ કર્યું હતું. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના સત્રમાં સંબોધન કરતા પહેલા સુષ્મા સ્વરાજે આઈબીએસએ વિદેશ પ્રધાનો સાથે વાતચીત કર્યા બાદ આ મુજબની વાત કરી હતી. સુષ્મા સ્વરાજે પાકિસ્તાનના રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશી બાબતોના સલાહકાર સરતાઝ અઝિજના નિવેદન અંગે પ્રતિક્રિયા આપી હતી. જો નવી દિલ્હીએ પહેલ કરી હોત તો વાતચીત થઈ શકી હોત તે વાત હાલમાં જ સરતાજે કરી હતી. સુષ્માએ કહ્યું હતું કે, પ્રથમ અથવા બીજાનો કોઈ પ્રશ્ન નથી જ્યાં સુધી પ્રતિક્રિયાની વાત છે અમે વારંવાર કહી ચુક્યા છીએ કે, યોગ્ય સમયે જ નિવેદન કરવામાં આવશે. નરેન્દ્ર મોદીએ શપથવિધિ કાર્યક્રમમાં પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફને આમંત્રણ આપ્યું હતું. બન્ને દેશોના વડાપ્રધાન વચ્ચેની દ્વિપક્ષીય વાતચીતમાં પણ એવી ચર્ચા થઈ હતી કે વાઘા-અટારી સરહદ પર તરત જ કારોબાર શરૂ થવો જોઈએ. વિદેશ સચિવની વાતચીત માટે પણ સહમતિ થઈ હતી. સુષ્માએ કહ્યું હતું કે, તેઓ જુદા-જુદા નેતાઓ સાથે વાતચીત કરી રહ્યા છે. જેમાં બ્રાઝિલ, જર્મની અને જાપાનના વિદેશ મંત્રીઓનો સમાવેશ થાય છે. સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે, અઝિજ સાથે તેઓએ વાત કરી નથી. બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. સાંઘાઈ શિખર બેઠકમાં સ્વરાજ છેલ્લે અઝિજને મળ્યા હતા.

ચૂંટણી પૂર્વે ડિઝલના ભાવ ઘટશે

નવી દિલ્હી,તા. ૨૬

મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી યોજાય તે પહેલા મોદી સરકાર ડિઝલની કિંમતમાં ઘટાડો કરે તેવી શક્યતા દેખાઇ રહી છે. બીજી બાજુ સરકારી ઓઇલ કંપનીઓ પણ પેટ્રોલની કિંમતમાં ઘટાડો કરવા જઇ રહી છે. આનો મતલબ એ થયો કે તહેવારની સિઝનમાં સામાન્ય લોકોને બે મોરચે રાહત મળી શકે છે. ભાજપ ચૂંટણીમાં બન્ને રાજ્યોમાં આને લઇને લાભ ઉઠાવે તેવી શક્યતા છે. આગામી સપ્તાહમાં ડિઝલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા બે સુધીનો ઘટાડો કરવામાં આવી શકે છે. જાન્યુઆરી ૨૦૦૯ બાદ ડિઝલની કિંમતમાં પ્રથમ વખત ઘટાડો કરવામાં આવી રહ્યો છે.

પેટ્રોલની કિંમતમાં ફમ લીટરદીઠ ૫૦ પૈસાનો ઘટાડો કરવામાં આવી શકે છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રુડ ઓઇલની કિંમતમાં આગામી પાંચ છ દિવસ સુધી તેજી નહી આવે તો સ્થિતી સારી રહેશે. ડોલરની સામે રૂપિયાની સ્થિતીમાં વધારે ઉથલપાથલ નહી થાય તો ચોક્કસપણે કિંમતોમાં ઘટાડો કરવામાં આવનાર છે. ઇન્ટરનેશનલ માર્કેટમાં આ મહિને ડીઝલની કિંમત ઘટી છે. બ્રેટ ક્રુડની કિંમત ગુરૂવારે ૧૪ મહિનાની સૌથી નીચી સપાટી પર પહોંચી હતી. ભારતમાં ડીઝલની કિંમત ઇન્ટરનેશનલ માર્કેટમાં તેના રેટ કરતા બે રૂપિયા વધારે છે. ગયા સપ્તાહમાં ઓઇલ મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું હતું કે ભારતમાં તેની કિંમત ૪૦ પૈસા પ્રતિ લીટર વધારે ચાલે છે. સરકાર નિયમિત સમીક્ષા બાદ ડિઝલની કિંમતમાં ઘટાડો કરી શકે છે. કેન્દ્ર સરકારે આ વર્ષે જાન્યુઆરીમાં ડિઝલની કિંમતમાં દર મહિને નજીવો વધારો કરવાનો નિર્ણય કર્યો હતો જ્યાં સુધી ભાવ માર્કેટ રેટ મુજબના ન થાય ત્યાં સુધી સતત ભાવ વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સરકારે ડિઝલની કિંમતને અંકુશમુક્ત કરવાનો પણ નિર્ણય કર્યો હતો. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઘટાડો કરવાથી ભાજપને ફાયદો થઇ શકે છે. વિધાનસભાની ચૂંટણી તેના માટે ઉપયોગી છે. રાજકીય નેતાઓ માની રહ્યા છે કે, શાસક પક્ષ કિંમતો મામલે લાભ ઉઠઆવવા માંગે છે. મોદી લહેર અને શાસન વિરોધી પરિબળના લીધે મહારાષ્ટ્ર અને હરિયાણામાં ચૂંટણી જીતવાની યોજના ભાજપે તૈયાર કરી છે. પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને કબૂલાત કરી છે કે, સરકારે વિધાનસભાની ચૂંટણીના કારણે ગેસની કિંમતોમાં વધારાને ટાળી દીધો છે. ચૂંટણી પંચે સામાન્ય ચૂંટણી દરમિયાન ભાવ વધારાને રોકવા માટે અગાઉ હિલચાલ હાથ ધરી હતી જેથી આને ધ્યાનમાં લઇને નિર્ણય કરવામાં આવ્યો છે.

ગંગા ઘાટ ખાતે પ્રદૂષણને અટકાવવા સમિતિ બની

નવીદિલ્હી , તા . ૨૬

વારાણસી અને હરિદ્વાર જેવા શહેરોમાં ગંગા ઘાટ ઉપર અંતિમ સંસ્કારની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે અને નદીમાં જ અસ્થિ વિસર્જન અને અન્ય વિધિ કરવામાં આવે છે. કેન્દ્ર સરકારે હવે પ્રદૂષણ ઉપર બ્રેક મુકવાના હેતુસર નવી ટેકનોલોજીની ભલામણ કરવા એક કમિટિની રચના કરી છે. ગંગા નદીના કિનારે આવેલા ઘાટ ખાતે અંતિમ સંસ્કારને લગતા પ્રદૂષણને રોકવા માટે સમિતિની રચના કરવામાં આવી છે. જળસંશાધન , નદી વિકાસ , ગંગા પુન:રચના પ્રધાન ઉમા ભારતીએ કહ્યું હતું કે , સાધુ સંતોએ આ વિચારને ટેકો આપ્યો છે . અમે ટેક્નોલોજીને સ્વીકારીશું . પ્રદૂષણને ઘટાડવા માટે સરકાર સજ્જ છે . સામાન્યરીતે અંતિમ સંસ્કારના સ્થળ ગંગા નદીના કિનારા ઉપર આવેલા છે . સાધુ સંતો પણ કહી ચુક્યા છે કે તેઓ કોઇપણ એવી ટેક્નોલોજીને સ્વીકારી લેશે જે ટેક્નોલોજીનો ઉપયોગ અંતિમ સંસ્કારને લગતા પ્રદૂષણને રોકશે . ઉમા ભારતીએ કહ્યું હતું કે , નદીઓ પ્રદૂષિત ન થાય તેની ખાતરી કરવા વિશેષ પ્રકારની ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે . તેમણે કહ્યું હતું કે , પ્રદૂષણને રોકવા ઘણા પગલા લેવાયા છે .

રવિશંકર દ્વારા સ્વચ્છ ભારત ઝુંબેશની વિધિવત શરૂઆત

નવીદિલ્હી, તા.૨૬

કેન્દ્રીય ટેલિકોમ, આઈટી અને કાયદા પ્રધાન રવિશંકર પ્રસાદે શાસ્ત્રી ભવન ખાતે સ્વ ચ્છતા ઝુંબેશની શરૂઆત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સ્વચ્છ ભારત ઝુંબેશના ભાગરુપે શાસ્ત્રી ભવન સંકુલમાં રવિશંકર પ્રસાદે આની શરૂઆત કરી હતી. ક્લિન ઈન્ડિયા મિશનની જાહેરાત વડાપ્રધાન કરી ચુક્યા છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર પાંચ વર્ષ સુધી સ્વચ્છતા અભિયાન ચલાવનાર છે. ૨૫મી સપ્ટેમ્બરે એટલે કે ગઈકાલે પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિ પ્રસંગે આની શરૂઆત કરવામાં આવ્યા બાદ બીજી ઓક્ટોબર ૨૦૧૯ સુધી આ ઝુંબેશ ચાલશે. મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિના દિવસે આની પૂર્ણાહૂતિ થશે. ૨૦૧૯ સુધી સ્વચ્છ ભારતના ઉદ્દેશ્યને હાંસલ કરી લેવામાં આવશે. એક નિવેદનમાં પ્રસાદે કહ્યું હતું કે, આ મિશનની ગઈકાલે શરૂઆત થઈ ચુકી છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાયની ૯૮મી જન્મજયંતિના પ્રસંગે આની શરૂઆત કરવામાં આવી હતી. આ કોઈ પ્રતિક સ્વચ્છતા ઝુંબેશ નથી બલ્કે ભારતમાં એક નવી શરૂઆત છે. સ્વચ્છ ભારત ઝુંબેશને અભૂતપૂર્વ સફળતા મળી રહી છે. રવિશંકરે કહ્યું હતું કે, મહાત્મા ગાંધીને જ્યારે અમે તેમની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી કરીશું ત્યારે સર્વશ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ આપી શકીશું. કારણ કે મહાત્મા ગાંધી સ્વચ્છતાને લઈને ખુબ જ જાગૃત રહેતા હતા અને આને સર્વોચ્ચ મહત્વ આપતા હતા. રવિશંકરે કહ્યું હતું કે, આ પહેલને વધુ આગળ લઈ જવા જુદા જુદા વિભાગોમાં વરિષ્ઠ અધિકારીઓને કહેવામાં આવ્યું છે. તેમના મંત્રાલય હેઠળ તમામ કેમ્પાસને નવેસરથી સ્વચ્છ બનાવવામાં આવશે. બીજી ઓક્ટોબરના દિવસે પટણા રેલવે સ્ટેશન ખાતે આયોજિત સ્વચ્છતા કાર્યક્રમનું પ્રસાદ નેતૃત્વ કરશે. કર્ણાટકમાં અગાઉ પક્ષના કાર્યકરોને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, સરકારી વિભાગો પણ સ્વચ્છતા મિશનમાં ભાગ લેશે. જાહેર જાગૃત્તિના કાર્યક્રમો પણ ચલાવવામાં આવશે.

કાર્બનના સૌથી સસ્તા વિન્ડો સ્માર્ટફોન લોંચ

મુંબઈ,તા. ૨૬

કાર્બને ભારતમાં સૌથી સસ્તા વિન્ડોઝ સ્માર્ટફોન લોન્ચ કરી દીધા છે. વિન્ડોઝ ફોન ૮.૧ ઓપરેટીંગ સિસ્ટમ પર ચાલનાર ફોન છે. આ સ્માર્ટફોનનું નામ કાર્બન ટાઈટેનિયમ વીન્ડ-ડબલ્યુ-૪ છે. આના પર પહેલાથી જ ઈન્સ્ટોલ કરવામાં આવેલ માઈક્રોસોફ્ટ ઓફિસ મળશે સાથે-સાથે વન ડ્રાઈવ પર ૧૫ જીબી મફત ક્લાઉડ સ્ટોરેજ મળશે. આ ડ્યુઅલસિમ સપોર્ટેડ છે. આમાં ચાર ઈંચની ડિસ્પ્લે રહેશે. સાથે-સાથે ૧.૨ ગીગાહર્ત્ઝ ક્વોડકોર ક્વોલકોમ પ્રોસેસર અને ૫૧૨ એમબી રેમ છે. કાર્બન ટાઈટેનિયમ વીન્ડ-ડબલ્યુ-૪માં પાછળની તરફ એલઈડી ફ્લેસની સાથે ૫ મેગાપિક્સલ કેમેરા છે. જ્યારે ૦.૩ મેગાપિક્સલ ફ્રન્ટ કેમેરો છે. ૪ જીબી ઈન્ટરનલ સ્ટોરેજ છે ૩૨ જીબી માઈક્રોએસડી કાર્ડ લગાવી શકાય છે. આની કિંમત ૫૯૯૯ રૂપિયા રાખવામાં આવી છે. હાલમાં આને એમેઝોન ઈન્ડિયા મારફતે વેચાશે. એક જ કલરમાં હાલ આ ફોન મળી શકશે.

પાકિસ્તાન દ્વારા હત્ફ-૯ મિસાઇલનું પરીક્ષણ થયું

ઈસ્લામાબાદ, તા.૨૬

પાકિસ્તાને આજે સફળતાપૂર્વક ભૂમિથી ભૂમિમાં પ્રહાર કરતી હત્ફ-૯ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું. આ મિસાઈલની રેંજ ૬૦ કિલોમીટરની છે અને તે ભારતના ઘણા વિસ્તારોને આવરી શકે છે. લશ્કરી સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, આ મિસાઈલ પરીક્ષણની પ્રક્રિયા સાવધાનીપૂર્વક હાથ ધરવામાં આવી હતી. ખુબ જ ઝડપી સમયમાં આ મિસાઈલ યોગ્ય સ્થળ ઉપર ત્રાટકી શકે છે. લોંચ વિસ્તારમાં ઉપસ્થિત રહેલા લોકોને સંબોધન કરતા અધિકારીઓએ વૈજ્ઞાનિકો અને એન્જિનિયરોને શુભેચ્છા પાઠવી હતી. સાથે સાથે પાકિસ્તાનની ક્ષમતાની પણ વાત કરી હતી. તમામ સંબંધિતો દ્વારા આપવામાં આવેલા યોગદાનની પણ પ્રશંસા કરવામાં આવી હતી. પાકિસ્તાને છેલ્લા ઘણા સમયથી મિસાઈલ પરીક્ષણો જારી રાખ્યા છે. ભારત સાથે દ્વિપક્ષીય મંત્રણા પ્રક્રિયા તુટી ગયા બાદ હવે પાકિસ્તાન દ્વારા ઝડપથી સંરક્ષણ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. પાકિસ્તાનના પ્રમુખ હુસૈન અને વડાપ્રધાન નવાઝ શરીફ દ્વારા પણ આની પ્રશંસા કરવામાં આવી છે. સેનાના ટોચના અધિકારીઓ પણ પરીક્ષણ વેળા ઉપસ્થિત રહ્યા હતા. અતિઆધુનિક ગણાતી આ મિસાઈલમાં નવી ટેકનોલોજીનો ઉપયોગ કરાયો છે. આ મિસાઈલ પરીક્ષણનું નામ પણ આપવામાં આવ્યું હતું. મલ્ટીટ્યુબલોન્ચર ખાતેથી આનુ પરીક્ષણ કરાયું હતું.

કોલકાતા ખાતે દુર્ગાપૂજાના આયોજન નિમિત્તે હિંદુઓના આદર્શ સમા દેવી દુર્ગાની મૂર્તિને ગંગા નદીમાં હોડીઓ દ્વારા પૂજા સ્થળે લાવવામાં આવી હતી.

સમાચાર ઝલક

- ટુંક સમયમાં જ સવા લાખ રોજગારીની તક ઉભી કરાશે : શ્રી મુકેશ અંબાણી
- બીલીમોરામાં દરવાજો તૂટતાં ૬ નાં મોત શહેરમાં હાહાકાર.
- શ્રીમતી અનાર પટેલને સ્ત્રી સન્માનનો દિલ્હીમાં એવોર્ડ પ્રાપ્ત થયો.
- ઈસ્લામિક ત્રાસવાદ સામે બ્રિટનમાં વ્યાપક દરોડાથી ખળભળાટ.
- ફ્રાન્સના બંધકની ગળુ કાપી ઘાતકી હત્યા કરાઈ.
- સૌરાષ્ટ્રમાં વીજ વપરાશ વધુ પડતો થવાથી વીજ કંપનીએ ૪૨૫ ટીમો બનાવી ચેકીંગ હાથ ધર્યું.
- સાવરકુંડલા પાસે ૧૦ વર્ષની બાળાને ફાડી ખાતો દીપડો.
- મંગળયાન મારફતે તસ્વીરો મળવા લાગી. પ્રથમ તસ્વીર મોકલાઈ. વડાપ્રધાનશ્રીને ભેટ.
- મોસંબી-સંતરાના ઉત્પાદનમાં ૫૦ ટકા ઘટાડો થવાની શકયતા.
- રાજકોટ નજીક ટ્રકને ઓવરટેક કરવા જતું બસનું પૈડું ચિરાઈ ગયું. ૩નાં મોત.
- કાશ્મીરના પુર પીડીતો માટે ફિલ્મ અભિનેતા સંજય દત્તે જેલમાં કેદીઓની સાથે મળી એક દિવસનું વેતન રાહત ફંડમાં આપ્યું.
- અમેરિકામાં ૯૦ ટકા યુવતીઓ કાયમી નોકરીવાળા પતિને પસંદ કરે છે.
- વિશ્વ વિખ્યાત ટેનિસ સ્ટાર કેરોલાઈન વાઝનિયેકી ઈનામનો ચેક લેવાનું ભૂલી ગઈ.
- પૂર્વ નાણામંત્રીશ્રી ચિદમ્બરમે ગુજરાત હાઈકોર્ટમાં ગેસ કંપનીના કેસમાં ચાર કલાક સુધી દલીલો કરી.
- ૧૮૦૦થી વધુ સંશોધનોના કારણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને 'એ' ગ્રેડ મળ્યો.
- વડોદરામાં જુથ અથડામણમાં પોલીસ પર હુમલો-તંગદિલી.

ટીમ ડિરેક્ટર તરીકે શાસ્ત્રી ૨૦૧૫ વર્લ્ડકપ સુધી હશે

નવીદિલ્હી,તા. ૨૬

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ સ્ટાર ખેલાડી રવિ શાસ્ત્રીને ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં યોજાનાર ૨૦૧૫ના વર્લ્ડકપ સુધી ભારતીય ક્રિકેટ ટીમના ટીમ ડિરેક્ટર તરીકે રાખવામાં આવશે. આજે ચેન્નાઈમાં યોજાયેલી કારોબારી સમિતિની બેઠક બાદ બીસીસીઆઈ દ્વારા યાદી જારી કરીને આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. ઈંગ્લેન્ડ સામે તાજેતરમાં જ રમાયેલી વનડે શ્રેણી દરમિયાન રવિ શાસ્ત્રીની ઉપસ્થિતિમાં ભારતીય ટીમે સારો દેખાવ કર્યો હતો. શાસ્ત્રીની હાજરીના કારણે ટીમ ઈન્ડિયાએ ટેસ્ટ ક્રિકેટમાં કંગાળ દેખાવ કર્યા બાદ વનડેમાં જોરદાર વાપસી કરી હતી. રવિ શાસ્ત્રી એક ડિરેક્ટર તરીકે ભારતીય ટીમની તમામ પ્રવૃત્તિ ઉપર નજર રાખશે. ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ શ્રેણી અને ઘરઆંગણે વિન્ડિઝ સામેની શ્રેણી દરમિયાન તમામ જવાબદારી સંભાળશે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ઓસ્ટ્રેલિયામાં ત્રિકોણીય શ્રેણી દરમિયાન સંપૂર્ણ આધાર ઉપર રવિ શાસ્ત્રી ભારતીય ટીમની સાથે રહેશે. ૨૦૧૫ના આઈસીસી ક્રિકેટ વર્લ્ડ કપ દરમિયાન પણ તે ટીમ ઈન્ડિયાની સાથે રહેશે. યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, અન્ડર ફાયર કોચ ડક્કન ફ્લેચર, સંજય બાંગર, બી અરૂણ અને આર. શ્રીધરની મદદથી તેમના રોલમાં યથાવત રહેશે. ડક્કન ફ્લેચર ટીમ ઈન્ડિયાના કોચ તરીકે રહેશે. કમિટિએ સંજય બાંગર અને બી અરુણની સહાયક કોચ તરીકે નિમણૂંક કરી દીધી છે જ્યારે આર. શ્રીધર ફિલ્ડિંગ કોચ તરીકે રહેશે. ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ શ્રેણીમાં કારમી હાર થયા બાદ રવિ શાસ્ત્રીની નિમણૂંક કરવામાં આવી હતી. ટેસ્ટ શ્રેણીમાં હાર બાદ ભારતીય ટીમે ઈંગ્લેન્ડ સામે વન ડે શ્રેણી ૩-૧થી જીતી લીધી હતી. શાસ્ત્રીની નિમણૂંકથી ટીમ ઈન્ડિયાના દેખાવ ઉપર ખુબ જ હકારાત્મક અસર થઈ હતી. શાસ્ત્રીએ વર્ચસ્વ જમાવ્યું હતું.

આઇએમ ભારતમાં ઇરાક જેવી સ્થિતી સર્જવા ઇચ્છુક

નવી દિલ્હી,તા. ૨૬

ભારતના અનેક મોટા શહેરોમાં હુમલાને અંજામ આપી ભુતકાળમાં ભારે આતંક મચાવનાર ત્રાસવાદી સંગઠન ઈન્ડિયન મુઝાહીદ્દીનના ત્રાસવાદીઓ ભારતમાં પણ સિરિયા અને ઈરાક જેવી ખતરનાક સ્થિતી સર્જવા માંગે છે. તપાસ સંસ્થા નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી દ્વારા આજે આ મુજબનો ધડાકો કરવામાં આવ્યો હતો. જિલ્લા જજ આઈએસ મહેતા સમક્ષ રજૂ કરવામાં આવેલી એનઆઈએની પુરક ચાર્જશીટમાં ધડાકો કરવામાં આવ્યો છે કે આઈએમની પ્રવૃતિમાં તપાસ સંસ્થાની તપાસ જારી છે. આ તપાસમાં હજુ સુધી જે તારણો હાથમાં આવ્યા છે તે દર્શાવે છે કે આ સંગઠનના ત્રાસવાદીઓ ખતરનાક ઈરાદા ધરાવે છે. ભારતમાં તે સિરિયા અને ઈરાક જેવી સ્થિતી સર્જવા ઈચ્છુક છે. જે રીતે ત્રાસવાદી સંગઠન આઈએસ દ્વારા હાલમાં ઈરાક અને સિરિયામાં આતંક મચાવવામાં આવ્યો છે તે જ રીતે તે આગળ વધવા માંગે છે.

આઈએમના સભ્ય મોહમ્મદ શાફી અરમાર કહી ચુક્યો છે કે ભારતમાં તેઓ ઈરાક અને સિરિયા જેવી સ્થિતી સર્જવા માંગે છે. ફરાર થયેલા આ ત્રાસવાદીએ હાલમાં ઈમેલ પર કહ્યું કે તે ગતિવિધી વધારી દેવામાં આવનાર છે. પુરક ચાર્જશીટમાં ૨૦ શકમંદ આઈમના ત્રાસવાદીઓ અને અન્ય ૧૩ સામે અનેક ખતરનાક બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ઈરાક અને સિરિયામાં જે રીતે વ્યાપક હિંસા ફેલાવવામાં આવી રહી છે તે જ રીતે આતંક મચાવવાની યોજના છે. અન્ય જેહાદી સાથે મળીને કામ કરવા કેટલાક શખ્સોને બહાર મોકલી દેવાની પણ યોજના છે. એજન્સીએ કહ્યું છે કે કેટલાક સભ્યો સિરિયામાં જઈને જેહાદી પ્રવૃતિમાં સામેલ થવા માટે તૈયાર છે. એનઆઈએ દ્વારા કહેવામાં આવ્યું છે કે ત્રાસવાદીના ઈરાદા ખતરનાક હોવાની સાથે સાથે અંધાધુંધી ફેલાવવાના છે. ચાર્જશીટ હાલમાં દાખલ કરવામાં આવી હતી.